**વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરની રશિયાની મુલાકાત (19-21 ઑગસ્ટ, 2025)**

**19 ઑગસ્ટ, 2025**

રશિયન ફેડરેશનના પ્રથમ નાયબ પ્રધાનમંત્રી મહામહિમ શ્રી ડેનિસ મન્ટુરોવના આમંત્રણ પર, વિદેશ મંત્રી, ડૉ. એસ. જયશંકર 20 ઓગસ્ટ 2025 ના નિશ્ચિત કરેલ વેપાર, આર્થિક, વૈજ્ઞાનિક, તકનીકી અને સાંસ્કૃતિક સહકાર (IRIGC-TEC) પર ભારત-રશિયાના આંતર-સરકારી આયોગના 26માં સત્રના સહ-અધ્યક્ષ માટે 19-21 ઓગસ્ટ 2025 ના રોજ રશિયાની સત્તાવાર મુલાકાત લેશે.  વિદેશમંત્રી મોસ્કોમાં ભારત-રશિયા બિઝનેસ ફોરમની બેઠકને સંબોધિત કરશે.

2. મુલાકાત દરમિયાન, વિદેશ મંત્રી રશિયન ફેડરેશનના વિદેશ મંત્રી મહામહિમ શ્રી સેર્ગેઇ લવરોવને પણ મળશે અને દ્વિપક્ષીય એજન્ડાની સમીક્ષા કરશે અને પ્રાદેશિક અને વૈશ્વિક પરિપ્રેક્ષ્ય પર દ્રષ્ટિકોણ શેર કરશે.

3.આ મુલાકાતનો ઉદ્દેશ્ય લાંબા સમયથી ચાલી આવતી અને સમયની કસોટી પામેલી ભારત-રશિયા વિશેષ અને વિશેષાધિકાર પ્રાપ્ત વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાનો છે.

**નવી દિલ્લી**

**19 ઑગસ્ટ, 2025**